# જાહેરાત ક્રમાંક - ૦૧ સને ૨૦૨૦/૨૧

જિલ્લા પોરબંદર હસ્તકનાં ઘટકોના આંગણવાડી કેન્દ્રોમા આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદવેતનથી નિમણૂંક કરવાની થતી હાલ જગ્યાઓ તથા સંભવિત ખાલી જગ્યાઓની વિગત

( અરજી માટે વેબસાઇટ : e-hrms.gujarat.gov.in )

| તાલુકાની સંખ્યા | ઘટકની સંખ્યા | આંગણવાડી કાર્યકરની ખાલી જગ્યા | આંગણવાડી તેડાગરની ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૩ | ૪ | ૨૮ | ૫૨ |

➢ ઉમેદવાર જે તે આંગણવાડી કેન્દ્ર વિસ્તારની સ્થાનિક નિવાસી મહિલા હોવી જોઇએ તથા સ્થાનિક નિવાસી અંગે મામલતદારશ્રી દ્વારા ઇસ્યુ કરેલ પ્રમાણપત્ર માન્ય રહેશે.

➢ અરજી કરવાની છેલ્લી તારીખે અરજદારની ઉંમર, શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલા હોવા જોઇએ.

➢ આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદ સેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા અરજદારની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઇએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઇએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩ વર્ષથી વધુ ન હોવી જોઇએ.

➢ અરજી માટે વેબસાઇટ e-hrms.gujarat.gov.in ઉપર દર્શાવેલ સૂચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાં ફોર્મ ભરવાનુ રહેશે. ઓનલાઇન અરજી જાહેરાત પ્રસિધ્ધ થયાથી દિન ૨૧ માં તા.૨૪/૦૭/૨૦૨૦ થી તા.૧૩/૦૮/૨૦૨૦ (રાત્રે ૧૨:૦૦ કલાક) સુધીમાં કરવાની રહેશે.

➢ વેબસાઇટ ઉપર જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર માટે અરજી કરવાની રહેશે.

➢ આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદ સેવામાં પસંદગી માટે સામાન્ય શરતો મુજબની લાયકાત, ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારની ઓનલાઇન મેરીટ યાદી બનાવવામાં આવશે. આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગરની શૈક્ષણિક લાયકાત કાર્યકર માટે ધોરણ ૧૨ પાસ અથવા ધોરણ ૧૦ પાસ પછીના AICTE માન્યતા પ્રાપ્ત કોઇપણ ઓછામાં ઓછા ૨ વર્ષના ડીપ્લોમા કોર્ષ પાસ અને તેડાગર માટે ધોરણ ૧૦ પાસ છે. જો કે વધુ લાયકાત ધરાવતાં ઉમેદવાર અરજી કરી શકશે. ખાલી જગ્યા ભરવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઇન મેરીટ યાદી નિયત પધ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.

➢ વધુ માહિતી માટે પોરબંદર જિલ્લાનાં સંબંધિત તાલુકાના બાળ વિકાસ યોજના અધિકારી (ICDS), કચેરીનો સંપર્ક કરવો.

-સહી-
પ્રોગ્રામ ઓફીસર
આઇ.સી.ડી.એસ.
જિલ્લા પંચાયત પોરબંદર

પ્રોગ્રામ ઓફિસર
આઇસીડીએસ જી. પં. પોરબંદર

Scanned with CamScanner